ગુરૂજી વિચારશીલ હતા. ખરા અર્થમાં 'સંત' હતા. ખપ પૂરતો સામાન અને ખપ પૂરતું ભોજન. એમણે કહ્યું : 'હું આ બધું જોઈને રાજી થયો હતો કેમકે હું મનોમન મારી જાત માટે ખૂબ ખુશ હતો. મને લાગ્યું કે 'હું કેટલો સુખી છું કે મને આમાની એક પણ વસ્તુની જરૂર નથી પડતી.' શેઠનું મોઢું પડી ગયું. હતાશાના ભાવ ઉભરી આવ્યા. શેઠ નિરાશ થઈ ગયા કારણ કે ગુરૂજીનાનાં આશિર્વાદ એમના માટે ઘણા કિંમતી હતા. જો કે ગુરૂજીએ અંતઃકરણથી આશિર્વાદ તો આપ્યા કારણ કે ખૂદ એક 'સંત' હતા પરંતુ સ્ટોરમાં વસ્તુઓ જોઈને જે સ્મિત એમના મોઢા પર ફરક્યું હતું એ સ્મિતની ખોટની ખામી શેઠને જણાતી હતી. એવામાં ગુરૂજીએ શેઠ સાથે સંવાદ સાધતા ક્હયું 'શેઠજીઃ આટલી ચીજોને જોઈને મારું મન એકાએક 'બંધન અને મુક્તિ' નાં વિચારોમાં ચકાવામાં અટવાઈ ગયું, 'જે ચીજો આપણેને 'સુખ'આપે છે તે આપણને 'બંધન' માં પણ રાખે છે. હું એટલે જ વિચારતો રહ્યો કે જે ચીજોની આવશ્યકતા છે તે આપણી પાસે હોવી જ જોઈએ. પરંતુ હજારો ચીજોમાં કેટલી એવી ચીજો પણ હોય છે જે આપણને ગમી જાય છે અને આપણે એનો સંગ્રહ કરતા રહીએ છીએ. એ ચીજ આપણી પાસે છે એ વિચાર આપણને 'સુખ' આપે છે પણ સાથે સાથે એ ચીજ આપણને બાંધી પણ રાખે છે. જરૂર પડે એ ચીજ આપણે કોઈને એકાએક આપી નથી દઈ શકતા. મન કચવાય છે. તો આ એક જાતનું એ ચીજ સાથેનું બંધન જ કહેવાય ને કારણ કે સહસા આપણે એ ચીજને છોડી નથી શકતા. બીજા એક દ્રષ્ટાંતથી પણ 'બંધન અને મુક્તિ' ની વાત સમજવા જેવી છે : એક વખત કોઈ એક ગામડામાં એક માણસ ગાયનાં ગળામાં દોરડું બાંધી ગાયને ખેંચીને લઈ જતો હતો. ગાયને ગળે દોરડું બાંધેલું હતું કારણ કે ગાય આડી અવળી દોડી ન જાય. તે જોઈ પાછળ ચાલતા સાધુએ એને પૂછ્યું,' તું શું કરે છે ?' પેલા માણસે જરા ગુસ્સામાં કહ્યું : 'જોતા નથી; હું ગાયને દોરી જાઉ છું ?' આ સાધુ પણ 'સંત' પુરુષ હતા. સાધુએ કહ્યું, 'મને તો લાગે છે : કે ગાય તને દોરી જાય છે' તને છોડી ને ગાય ક્યાંય તારાથી છૂટી ન પડી જાય તેથી ગાયને તારા સ્વાર્થ માટે તે બાંધી રાખી છે.

ગાયને તારી સાથે ન જ ચાલવું હોય તો એ બેસી જ જાય. ભલેને તે બાંધી રાખી હોય. તું એને મુક્ત કરી જો 'પરંતુ તું એ નહીં કરી શકે કારણ કે આ ગાય તારી છે તેથી તારે એને બંધનમાં રાખવી છે અને તું માનસિક અવસ્થાથી એ ગાયના બંધનમાં બંધાયેલો છે. એટલે અર્થ તો એ પણ નીકળે ને કે : જો ગાય તને દોરી જાય છે : ગાય ભલેને બાંધેલી હોય પણ એ જો દોડે તો તારે પણ એની પાછળ દોડવું પડે કે નહિં ? તો તું ગાયના બંધનમાં નથી ? તારે એની પાછળ દોડવું જ પડે ને ?' એ માણસને સમજાયું નહીં તેથી માથું ખંજવાળવા લાગ્યો : અર્થાત : આપણે માનીએ છીએ કે આ બધું તો મારું જ છે. આ વસ્તુઓના આપણે માલિક છીએ પરંતુ અતિશય ઉંડાણથી કે ગંભીરતાથી વિચારતા નથી લાગતું કે આપણે એ ચીજોના માલિક પણ છીએ અને ગુલામ પણ છીએ. માલિક તરીકે હક જતાવીએ છીએ અને એ જો આદત પડેલી કોઈ વસ્તુ ન મળે તો શું ? એના વિના કદાચ તરફડીએ ? આ પણ એક જાતનું બંધન જ છે ને ?

તાત્પર્ય એજ કે : જરૂરિયાત આવશ્યકતા છે : પરંતુ આનાવશ્યકતાને જકડી રાખવી મનની પરાધિનતા છે. આ વાતનો સાર સમજીને અપનાવવા જેવું તથ્ય એ જ છે કે : મિલ્કતનો, ચીજોનો સંગ્રહ કે પરિગ્રહ માત્ર દેખાડવા પૂરતો ન રહેતા જરૂરિયાતમંદને ; બીજા પાસે હાથ લંબાવવો ન પડે : એનું માન સચવાય એ રીતે આપણે એ વસ્તુ કે એ મિલકતમાંથી થોડો હિસ્સો જતો કરી શકીએ તો આપણી માનસિક અવસ્થા કોઈ પણ મહાન સાધુ-સંતથી ઓછી ન હોઈ શકે. આપણે મૂઠ્ઠી ઉંછેરા માનવી જ બની રહીએ કારણ કે 'પરિગ્રહ' શબ્દનો અર્થ ફક્ત નિર્જીવ વસ્તુઓ સાથે ન જોડતા : આપણી મનોવૃત્તિ સાથે પણ જોડીએ. નિર્જીવ વસ્તુઓ છોડવાની આદત પાડીએ અને જરૂરિયાતમંદને થોડું ધન-વસ્તુ આપીને લાગણી બતાવીને પરિગ્રહના ભાવને સંયમમાં રાખવાનો જે ઉચ્ચતમ વિચાર છે તે કેળવીએ જે વંદનીય છે. 'હું તો ઘણી વખત વિચારું કે :- 'રૂપિયા દસની નોટો મને બહુ ગમે કારણ કે જરૂરિયાતમંદોને એ નોટો આપવાથી : આ લક્ષ્મીનો યજ્ઞ કરી શકાય.' પરિગ્રહ વૃત્તિ છોડવી એ જ તો એક સાધ્ય માર્ગ છે જેવા દ્વારા આપણે પ્રભુના માધ્યમ બનીએ છીએ. સદ્ભાવના - સદ્ભાગ્યના સાધક બની સંતોષની એક અદ્ભૂત સ્વર્ગીય કંપનો નો થરથરાટ અનુભવી સૃષ્ટિના ઉચ્ચતમ કિનારાનાં સ્પંદનો ઝીલી શકીએ છીએ ! નથી લાગતું ? આ જ તો જીવંત હોવાનું પ્રમાણ છે : વિચારોની અગાસીની ઉંચાઈને અડકવાનો માર્ગ છે ? આપણી સમજણ આપણો જવાબ બની શકે છે ! સંગ્રહખોરનું વિશેષણ જોઈએ છે કે દાનવીરનું ? સંગ્રહ કરીએ પણ બીજાનાં આંસુઓ પણ લૂછીએ ! પરિગ્રહની ગણત્રીનું આચરણ તો ગાયના દાખલાને બંધ-બેસતું છે. માનસિક સંકુચિતતા છે ! અર્ધ-જાગૃત મનના વિચારોનો ભયનો અવ્યક્ત ભાર છે. દા.ત. ચોરી થઈ તો ? ધરતીકંપ થયો તો ? એક હકીકત મને બરાબર યાદ છે. ન્યુઝ પેપરમાં સમાચારને લગતો એક ફોટો આજે પણ મારી નજર સામે તરવરે છે. વર્ષો પહેલા ગુજરાતના 'કચ્છ'માં ગંભીર બાઢ અને ધરતીકંપનું તાંડવ થયું હતું. ન્યુઝ પેપરમાં સમાચાર સાથે ફોટા પણ હતા. હવાઈ જહાજમાંથી ફૂડ પેકેટ ફસાયેલા લોકોને પહોંચાડવાની કોશિષ થતી હતી. એમાં પેકેટ ઝીલવા લાંબો થયેલો એક હાથ - જેનું સ્મરણ આજે પણ મારા અંતર મન પર કાબૂ ધરાવે છે. એ ફુલ સ્લીવવાળા હાથ પરની ઘડિયાળ જોઈને ખ્યાલ આવી ગયો કે કોઈ શ્રીમંત વ્યક્તિનો હાથ છે. કુદરતનો કારમો ઘા અને એ શ્રીમંતનો કારમો ચિત્કાર કેવો હશે ?

તેથી જ કહે છે ને 'હાથની લકીરો આપણા હાથમાં હોય છે પણ આપણા કાબુમાં નહિ' k ✂✂



# હતાશા - ડીપ્રેશન શું દુશ્મન છે ?

- કીરીટ ધારીઆ (પ્રતિક્રમા)

અસામાન્ય વર્તન, અશક્તિ અનુભવવી, દુ:ખી રહી કોઈપણ રસ વિના બહાર ફરવું, તેમજ અન્ય પ્રવૃત્તિમાં રસ ઓછો થઈ જવો આ લક્ષણો હતાશામાં જીવન જીવવાથી આત્મવિશ્વાસ અને કામમાં ધ્યાન ઘટાડવાના લક્ષણો છે. આ પ્રકારનું જીવન નિરાશાને લીધે થઈ જવું કારણ કે શરૂઆતમાં તેના લક્ષણોને અવગણવા. સાયાક્રીઆટ્રીસ્ટ (મનોચિકિત્સક) ની સલાહ લેવી યોગ્ય છે.

કોઈપણ કારણને લીધે હતાશાના આવાં લક્ષણોથી પીડાતા અનેક લોકો છે, હતાશાની જાગૃતિની અછતને લીધે યોગ્ય માર્ગદર્શન અને સારવાર લેવા તેઓ અશક્ત પણ હોવાથી જો તેઓ તેમની હતાશાને અવગણે તો અવગણાયેલ હતાશાને લીધે ઘણીવાર આત્મહત્યાનો માર્ગ વધુ દોહરાવે છે. તેઓની હતાશાને સમજવા અને માનસિક હતાશામાંથી દૂર થવા જો યોગ્ય માર્ગદર્શન યોગ્ય ટાઈમે લઈ લે, તે અગત્યનું છે.

**સૌ પ્રથમ આપણે હતાશાના લક્ષણો શું છે તે સમજવાનો પ્રયત્ન કરવો.**

W સ્વભાવમાં સતત ઉદાસીનતા અને રોજિંદી તથા મનોરંજક પ્રવૃત્તિઓમાં રસ ધરાવવાની અછત મુખ્ય લક્ષણો છે.
W ખાલીપણાની લાગણી અને નિરાશાનો અનુભવ.
W વધારે પડતી અપરાધજનક લાગણી અને એકાગ્રતાની અછત.
W આત્મવિશ્વાસ ઓછો થવો અને અસ્પષ્ટતા.
W તાત્કાલીક ઉકેલતી માંગણી અને ચીડિયાપણું.
W અસ્પષ્ટ શરીરનો, માથાનો, સાંધાનો દુ:ખાવો.
W વિચારશીલ અને ભૌતિક પ્રવૃત્તિઓ ઘટી જવી.
W અન્યોથી ઉતરતી કક્ષાના પોતે હોવાની લાગણી.
W વધુ પડતી નકારાત્મક વિચારશક્તિ અને ચિંતા.
W ખલેલ ભરેલ ઊંઘ - સામાન્ય રીતે અનિદ્રા અને અસંવેદનશીલતા.
W લુપ્ત સામાજિક ક્રિયા - પ્રતિક્રિયાઓ
W બાળકો-પુરુષો તેમજ સ્ત્રીઓને ખાસ કરીને ભૌતિક બીમારીઓને લીધો હોય છે.

આના કારણો અનેક છે, તે વારસાગત લક્ષણો, પરિવારોમાં હતાશા દેખાતી હોય છે. ભાવનાશીલ તણાવના પરિબળો જેવા કે સૈદ્ધાતિંક દબાણ, પ્રેમમાં ભંગાણ, છૂટાછેડા, નોકરી જતી રહેવી, ધંધામાં ખોટ તેમજ અન્યો જે મસ્તિકન રસાયણો એટલે ન્યુરોટ્રાન્સમીટર્સનું અસમતોલપણું અને હોરમોનલ અસમતોલપણુ.

કૃપાયા હતાશાને છૂપાવશો નહીં કારણ સમયસરની સારવારથી સામાન્ય જીવન જીવાય છે. શરૂઆતથી જો ભૌતિક કસરતો, યોગા, મેડીટેશન (ધ્યાન) ની મદદથી ફીટ રહેવું.

જ્યારે વ્યક્તિનું મન અસમોલતપણાની સ્થિતિમાં સ્થિર રહી શકતું નથી ત્યારે આસપાસના લોકો તેને સમજાવવામાં થાપ ખાય છે. તેને આ સ્થિતિમાંથી સમજપૂર્વક બહાર કાઢવાને બદલે અસાધારણ સ્થિતિમાં વધુ ને વધુ દોરી જાય છે તે યોગ્ય નથી. દરેક વ્યક્તિને જે જેવો છે તેવો અપનાવવામાં આવે અને સામેની વ્યક્તિને ન બદલતાં પોતે બદલાવવાની પ્રવૃત્તિ રાખે તે જ ઉત્તમ અને સાચુ છે. જે પણ સ્વભાવ અને કર્મો લઈને આવેલી વ્યક્તિએ પોતે જ પોતાને બદલવાની કોશિશ કરવી પડે છે અને તેને સમજીને પોતાના જ મનથી બદલાવ લાવવાની જરૂરત પોતાના જ મનને બદલાવા કરવી પડે છે.

મોટાભાગના ૭૦% થી વધુ રોગો સાયકોસોમેટીક્સ મનને કારણે જ ઉત્પન્ન થાય છે અને મન જ તેમાં વધારો અને ઘડાટો કરીને બહાર નીકળી શકે છે કારણ કે મન જ પાવર હાઉસ છે. અને પોતાના કર્મો પોતે જ કાપવા પ્રયત્નો કરવા પડે છે કારણ કે પોતે જ ભોગવવાના હોય છે.

# અમો આભારી છીએ...
## જ્યોતિપુંજમાં આપની અમૂલ્ય જાહેરાત આપવા બદલ...

સહર્ષ જણાવવાનું કે બાલાસિનોરના સર્વ મંડળો અને તેમના હોદ્દેદારો, કમિટી મેમ્બરોએ સક્રિય રસ લઈને જ્યોતિપુંજમાં આપેલી જાહેરખબર માટે અમે આપ સર્વના આભારી છીએ. ઉપરાંત સર્વ બાલાસિનોરવાસીઓ ઉમદા હૃદય રાખીને આખા વર્ષ દરમ્યાન માટે તેમ જ એક મહિના માટે જે જાહેરખબર તથા જે જે શ્રી ગોકુલેશની શુભેચ્છા પાઠવે છે તેઓના સહકાર બદલ આભાર.

**કવર પેજ (બેક - ઈન) - ૨**

૧) મેચવેલ ઈલેક્ટ્રીક કંપની
હિન્દુસ્તાન ટેપેક્ષ કંપની
૨) પ્રભાત વાયર્સ એલએલપી

**કવર પેજ (બેક-આઉટ) - ૧**

૧) અનુકૂલ સીલેક્શન

**ફુલ પેજ-૧૦**

૧) સોની શિવલાલ જ્વેલર્સ પ્રા.લી.
૨) પુષ્ટી ઈલેક્ટ્રીકલ્સ પ્રા.લી.
૩) નીપા કોર્મશીયલ કોર્પોરેશન
૪) પ્રભાત કેબલ્સ પ્રા.લિ.
૫) વી.બી.આર. ઈલેક્ટ્રીક એન્ડ એન્જી.કું.
૬) બિનીતા હાર્ડવેર સ્ટોર્સ
નોવાટેક ઈલેક્ટ્રો એન્જીનીયર્સ પ્રા.લિ.
૭) આર.કે. એન્જીનીયરીંગ પ્રા.લી.
૮) શાહ એન્ડ શાહ એન્ટરપ્રાઈઝ
૯) હાર્દિક નલીન સુથાર
૧૦) શ્વેતા ઈલેક્ટ્રીક કોર્પોરેશન

**હાફ પેજ - ૨**

૧) લાઈફ મેડીકો કેમીસ્ટ એન્ડ ડ્રગીસ્ટ
૨) ડૉ. શિખા ધારીઆ

**ક્વાટર પેજ - ૭**

૧) શ્રી ગોવિંદ જ્યોતિષ કાર્યાલય
૨) ક્રીશ ઈન્ટીરીયરર્સ
૩) નિરવ ફોટો આર્ટસ્
૪) ગોપાલ જયંતીલાલ ભટ્ટ (ગોર)
૫) દક્ષેસ જયંતીલાલ ભટ્ટ (ગોર)
૬) યોગ બાય બંકિમ પરીખ
૭) કિંજલ પરીખ - ચિંતક પરીખ

**જે જે શ્રી ગોકુલેશ શુભેચ્છા - ૨૪**


૧) હેમા બંકિમ પરીખ (જુનાગઢવાળા)
૨) શ્રી હરીશભાઈ ચીમનલાલ પરીખ (ભગત)
૩) જતીન નવનીતલાલ દેસાઈ
૪) સ્વ. લીલાબેન નવનીતલાલ શાહ (ખળગોધરાવાળા)
૫) શ્રી બિપીનભાઈ ચીમનલાલ મોદી (ઠાસરાવાળા)
૬) સ્વ. ઈન્દુમતી ચીમનલાલ શાહ (નગરશેઠ)
૭) સ્વ. જીવકોરબેન નટવરલાલ કડકીઆ (ચોકસી)
૮) હસમુતીબેન મંગળદાસ મોદી
૯) નયનાબેન પંકજકુમાર મોદી
૧૦) દિપીકા પંકજ ધારીઆ (લાલખા)
૧૧) સર્વે બાલાસિનોરવાસીઓને જે જે શ્રી ગોકુલેશ
૧૨) સ્વ. સવિતાબેન રમણલાલ પરીખ (લઠ્ઠાપારેખ)
૧૩) ગં.સ્વ. કલ્પનાબેન યોગેશકુમાર પરીખ (રોકડીયા)
૧૪) એક શુભેચ્છક
૧૫) મનોજ (લખો) નટવરલાલ ધારીઆ (કુણીવાળા)
૧૬) શ્રીમતી લતાબેન શૈલેષકુમાર શાહ (શહેરાવાળા)
૧૭) શ્રીમતી પ્રતિમાબેન યોગેન્દ્ર ધારીઆ (સુરતવાળા)
૧૮) મનીષા નિમીશ શાહ (ઉજળાવાળા)
૧૯) સ્વ. શોભનાબેન મહેન્દ્રકુમાર કડકીઆ (બનડા)
૨૦) સ્વ. શશીકાંત ઓચ્છવલાલ ધારીઆ (લાલખા)
૨૧) પ્રેમીલાબેન નવીનચંદ્ર મોદી (ઠાસરાવાળા)
૨૨) સ્વ. કોકિલાબેન મણીકાંત કડકીઆ
૨૩) સ્વ. બાબુભાઈ મણીલાલ દેસાઈ (તેલવાળા)
૨૪) નીતીન રસીકલાલ ગાંધી (લોઢાવાળા)
૨૫) કુસુમબેન રસીકલાલ પરીખ (બખલી)

# મોહે રંગ દે



## કિર્તન

ૐ મહાદેવ શિવ શંકર શંમ્ભો ઉમાકાન્ત હર ત્રિપુરારી !
મૃત્યુંજય વૃષભધ્વજ શૂલિન ગંગાધર મૃડ મદનારે ।। ૧ ।।
હર શિવ શંકર ગૌરીશં, વંદે ગંગાધરમિશં ।
શિવ રુદ્રં પશુપતિમીજ્ઞાનં, કલયે કાશીપુરનાથં ।। ૨ ।।
જય શંભો જય શંભો શિવ ગૌરીશંકર જય શંભો ।
જય શંભો જય શંભો શિવ ગૌરીશંકર જય શંભો ।।૩ ।।
ભજ ભાલલોચન પરમાનન્દ નીલકંઠ ત્વં શરણ ।
શિવ અસુરનિકન્દન ભવદુઃખભંજનસેવક કે પ્રતિપાલ ।। ૪ ।।
બં આવાગમન મિટાવો શંકર ભજ શિવ બારંબાર ।
નમો નર્મદા માઈ રેવા, પાર્વતી વલ્લભ સદાશિવ ।। ૫ ।।



## આરતી

આનંદ મંગલ કરું આરતી, હરિ ગુરુ સંતની સેવા,
મારે આંગણ તુલસીનો ક્યારે શાલીગ્રામની સેવા... આનંદ..
પ્રેમ ધરી મારે મંદિર પધારો, સુંદર સુખડાં લેવા... આનંદ..
દિન દયાળુ કરુણાસાગર આવ્યા દર્શન દેવા... આનંદ..
હરખ હિંડોળે ગાદી બિછાવું બિરાજોને ગુરુદેવા... આનંદ..
જમના જળની જારી મંગાવું આચમન કરો ને વાલા... આનંદ..
હળવે હાથે અંગે ચોળી સ્નાન કરાવું મહાદેવા... આનંદ..
ભગવા વસ્ત્ર આપને અર્પણ પહેરોને ગુરુદેવા... આનંદ..
કેસર ચંદન ઘસીને રાખ્યું તિલક કરો ગુરુદેવા... આનંદ..
કંચન થાળ મુક્તા ફળ લાવું કઢીયેલ દુધ મેવા... આનંદ..
લવિંગ સોપારી પાનના બીડા મુખવાસ ધરું મારા દેવા... આનંદ..
અગર કપૂરની ઉતારું આરતી દિવ્ય દર્શન જોવા... આનંદ..
હાથ વિજણો પવન ઢોળું વિશ્રામ કરોને ગુરુદેવા... આનંદ..
અડસઠ તીરથ મારે ગુરુજીના ચરણે ગંગા જમના રેવા... આનંદ..

**છત્રપતિ શિવાજી ટર્મિનસ (સી.એસ.ટી.)ની**
**સામે આવેલું**
**મ્યુનિસિપલ કોર્પોરેશન બિલ્ડીંગ**
**એટલે શિલ્પકલાનો ઉત્તમ નમૂનો**
**ડૉ. આશિષ રજત (ડૉક્ટર) મોદી એ**
**દોરેલું નયનરમ્ય ચિત્ર.**

## હિંડોળા ખાટ

## હોળી - ધૂળેટી

| | |
|---|---|
| ૧. બ્રજ ચોર્યાસી કોસ મેં, ચારગામ નિજ ધામ | (ક) ભવસાગરમાં ડૂબતાં, મેરો વલ્લભ પકડે હાથ |
| ૨. નંદગામ નંદજી બસે, બરસાને વૃષભાન | (ખ) મોરપીંછ વાળો નવાબ કૈયો રંગ કેસરીયો |
| ૩. રાધે તું બડ ભાગિની, કોન તપસ્યા કીન | (ગ) શેરીઓમાં ધૂમ મચાવે છે, કાનો હોળી રમવા આવે છે. |
| ૪. પ્રીત તો ઐસી, કીજીએ, જૈસે લંબી ખજુર | (ઘ) વૃન્દાવન ઓર મધુપુરી, બરસાનો નંદ ગામ |
| ૫. ચલો સખી વહાઁ જઈએ, જહાં બસે વૃજરાજ | (ચ) ગોરી ગોરી રાધા સાથે રાજ, કાનો છાંટે પીચકારી |
| ૬. વલ્લભ વલ્લભ મેં કરું, મેરે શ્રી વલ્લભ નાથ | (છ) તીન લોક કે નાથ જુ, સો તેરે સાધીન |
| ૭. બીછુર્યો ચાહે મીલન કો, મિલ્યો રહત ઉદાસ | (જ) ચડે તો ચાખે પ્રેમરસ, ચીરે તો ચકના ચૂર |
| ૮. મારી મંગેતર ગજરાવાળી | (ઝ) ઝીણો ઝીણો ઉડે રે ગુલાલ, વ્હાલા તારા મંદિરમાં |
| ૯. અમે ખોબલે ખોબલે પીધો રાજ, હરીરસ પીવા જેવો છે | (ટ) તેરે પીછે પડયો સાંવરીયા |
| ૧૦. કાળો કાળો કામણગારો રાજ, કાનો છાંટે પીચકારી | (ઠ) તારું બીછુર્યો અધીક હૈ, સદા મિલન કી આસ |
| ૧૧. અબીલ ગુલાલની રમઝટ ઉડતી | (ડ) દોનો કુલ એકત્ર ભયે, ઈત રાધે, ઉત શ્યામ |
| ૧૨. રાધા કબતક બદન છુપાયેગી રે | (ઢ) ગોરસ બેચ હરિ મિલે, એક પંથ દો કાજ |

જવાબ : ૧-ઘ, ૨-ડ, ૩-છ, ૪-જ, ૫-ઢ, ૬-ક, ૭-ઠ, ૮-ખ, ૯-ઝ, ૧૦-ચ, ૧૧-ગ, ૧૨-ટ

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ

**વર્ષ ૨૦૨૨ - ૨૦૨૩ માટે ના જ્યોતિપુંજમાં જાહેરાત આપવાના ભાવ ગયા વર્ષ મુજબ જ રાખ્યા છે, જે નીચે પ્રમાણે છે**


| પાના | માસિક રૂા. | વાર્ષિક રૂા. |
|---|---|---|
| આખું પાનું | ૧,૫૦૦ | ૧૦,૦૦૦ |
| અડધું પાનું | ૧,૦૦૦ | ૭,૦૦૦ |
| પા પાનું | ૭૦૦ | ૪,૦૦૦ |
| બીજું કલર કવર પેજ | ____ | ૨૧,૦૦૦ |
| ત્રીજું કલર કવર પેજ | ____ | ૨૧,૦૦૦ |
| છેલ્લું કલર કવર પેજ | ____ | ૨૫,૦૦૦ |

જેણે જાહેરાત આપવી હોય તેઓએ બંકિમ પરીખનો સંપર્ક કરવો.

મંત્રી - ભાવેશ મોદી     તંત્રી - બંકિમ પરીખ

# વન્ય પ્રાણીઓનો પરિચય

## વાંદરો /હનુમાન લંગુર (Common Langur)



**સ્થાનિક નામ** : વાંદરો / હનુમાન વાંદરો

**શારીરિક રચના અને જીવનચક્ર**

**લંબાઈ** : ૬૦ - ૬૫ સે.મી. (પૂંછડીની લંબાઈ ૯૦ સે.મી.)

**વજન** : ૧૫-૨૦ કિ.ગ્રા.

**ઉંચાઈ** : ૫૦-૭૫ સે.મી. (બેઠી સ્થિતિ)

**પુખ્તતા** : નર - ૪ વર્ષ, માદા - ૩.૫ વર્ષ

**ગર્ભકાળ** : ૬ માસ, શિયાળામાં બચ્ચાં આપે છે.

**આયુષ્ય** : ૨૦ - ૨૫ વર્ષ

**પ્રજનન** : સમગ્ર વર્ષ દરમિયાન, પરંતુ માર્ચ મહિનામાં વધુ

**દેખાવ** : સફેદ રાખોડી રંગના વાળવાળું શરીર, મોઢું, હાથ-પગ કાળા રંગના તથા લાંબી પૂંછડી

**ખોરાક** : શુધ્ધ શાકાહારી છે. ફળ-ફૂલ, પાન, કંદમૂળ વગેરે ખાય છે.

**વ્યાપ** : સમગ્ર ગુજરાતના શહેરો તથા ગામડાઓમાં ટોળાનાં ટોળા, ગિરનાં જંગલ, વડોદરા, ખેડા નજીકના વિસ્તારો તથા ઉત્તર ગુજરાતમાં વધુ પ્રમાણમાં જોઈ શકાય છે.

**રહેણાંક** : આછું જંગલ તથા માનવવસ્તી નજીક, ઝાડીવાળો વિસ્તાર, અન્ય વિસ્તારો જેમાં નગર અને શહેરોનો સમાવેશ થાય છે.

**વર્તણૂક** : આ પ્રાણી ૧૦ થી ૨૦ ના ટોળામાં રહે છે. જેમાં મોટો નર વાંદરો સરદાર તરીકે વર્તે છે. સવાર અને સાંજના સમયે ખોરાક માટે સક્રિય રહે છે. બપોરના સમયે ઝાડ પર આરામ કરતાં હોય છે. ફળ આવેલાં વૃક્ષો પર દેખાવાની વધુ શક્યતા રહે છે. એક ઝાડથી બીજા ઝાડ પર કૂદતા હૂપ-હૂપ અવાજ કરે છે તથા ખતરો જોઈને સતત ચિચિયારીઓ કરતાં હોય છે. જમીન પર લાંબો સમય બેસતાં નથી. મોટા ભાગનો ખોરાક વૃક્ષો પરથી મેળવે છે.

**ઉપસ્થિત અંગેના ચિન્હો** : હૂપ હૂપ અવાજ, પગનાં ચિન્હો

**વસ્તી** : વર્ષ ૨૦૦૫

સંખ્યા ૧,૦૦,૯૦૦ (સમગ્ર ગુજરાતમાં)

(લગભગ ૧,૦૦,૯૦૦ વાંદરા ૨૦૦૫ ની સાલમાં અંદાજાયેલા જો કે હાલની વસ્તી તેનાથી વધુ હશે.)

**વાંદરા (લંગૂર) માંકડા (મેકાકસ) કરતાં વધુ વૃક્ષાચારી હોય છે. હિંદુઓ દ્વારા ધાર્મિક દ્રષ્ટિએ તેને રક્ષણ મળતું હોવાથી આ પ્રાણી માણસથી ડરતું નથી. તે માણસના પાક અને વાડીઓ / પ્લાન્ટેશન્સને નુકશાન પણ પહોંચાડે છે. લંગૂરનો મોટો દુશ્મન દીપડો છે.**

# નીલ ગાય / રોઝ (Blue Bull)



| | |
|---|---|
| **સ્થાનિક નામ** | : નીલ ગાય , રોઝ, રોઝડું |
| **શારીરિક રચના અને જીવનચક્ર** | |
| **લંબાઈ** | : ૨૦૦-૨૧૫ સે.મી.. |
| **વજન** | : ૨૦૦-૩૦૦ કિ.ગ્રા. (નર)<br>૧૨૦ - ૧૫૦ કિ.ગ્રા (માદા) |
| **ઉંચાઈ** | : ૧૩૦ - ૧૩૫ સે.મી. |
| **શિંગડા** | : ૨૦ સે.મી. (નર) |
| **પુખ્તતા** | : ૨૫ માસ (માદા)<br>૩૦ - ૩૫ માસ (નર) |
| **ગર્ભકાળ** | : ૮ - ૯ માસ, ૨ બચ્ચાં |
| **આયુષ્ય** | : ૨૦ વર્ષ |
| **પ્રજનન** | : વર્ષમાં કોઈપણ સમય |
| **દેખાવ** | : નીલ ગાય મૃગ કુળનું પ્રાણી છે. માદા નીલગાય બદામી રંગની હોય છે. તેને શિંગડા હોતાં નથી. નર રોઝ માદા કરતાં પ્રમાણમાં કદાવર હોય છે અને લોખંડી કાળા રંગનો હોય છે. તેને બે નાના શિંગડા હોય છે અને ગળાની નીચે કડક વાળનો દાઢી જેવો ગુચ્છો હોય છે. નર અને માદા બન્નેમાં દરેક ગાલ ઉપર બે સફેદ ટપકાં જોવા મળે છે. રોઝના શિંગડા ખરતાં નથી. |
| **ખોરાક** | : ઘાસ, પાંદડા, ફળ, બોર, મહુડાનાં ફૂલ વિગેરે. |
| **વ્યાપ** | : અભયારણ્યોમાં હાલમાં આ પ્રાણી ઓછી સંખ્યામાં હોવાની શક્યતા છે. સમગ્ર ગુજરાતમાં વન વિસ્તાર અને વન વિસ્તારની બહાર પણ જોવા મળે છે. |
| **રહેણાંક** | : આછાં જંગલ અને ઘાસિયા વિસ્તાર |
| **વર્તણૂક** | : આ પ્રાણીને સવારે અને સાંજે જંગલના ખુલ્લા વિસ્તારમાં ચરતું જોઈ શકાય છે. આ પ્રાણી એકલું અથવા મોટાં ટોળામાં જોવા મળે છે. માદા નીલ ગાય બચ્ચાંઓ સાથે જોવા મળે, પરંતુ નર રોઝ મોટા ભાગે એકલો ફરતો રહે છે. |
| **ઉપસ્થિત અંગેના ચિન્હો** | : નીલ ગાય પોતાના ક્ષેત્રમાં દરરોજ એક જ જગ્યાએ હાજત જાય છે, જેથી લીંડીઓના ઢગલા પરથી તેની ઉપસ્થિતિ જાણી શકાય છે. |
| **વસ્તી** | : વર્ષ ૨૦૦૧ ૨૦૦૫<br>સંખ્યા ૭૭૩૨૦ ૯૭,૦૦૦ થી વધુ<br>(આ પ્રાણીની વસ્તી વધતી જાય છે. માણસ સાથેના સંઘર્ષ માટેનું આ મુખ્ય કારણ છે.) |

**નીલગાય ભારતનું સૌથી ઊંચુ મૃગ છે. તે માત્ર ભારતીય દ્વીપકલ્પ પ્રદેશમાં હિમાલયના તળપ્રદેશથી માંડીને દક્ષિણમાં મૈસુર સુધી વસે છે. ગુજરાત અને ભારતના અન્ય કેટલાક ભાગોમાં નીલગાય સંપૂર્ણ રીતે લોકોથી સુરક્ષિત રહે છે. ગુજરાતમાં પ્રાણીને તેના નામમાં આવતા 'ગાય' શબ્દને લીધે, ગાયની માફક પવિત્ર ગણવામાં આવે છે.**

# Sanctuaries of Gujarat / ગુજરાતના અભયારણ્યો

| S.R. No. | Name of Sanctuary | Year of Estt. | Area in Sq. Kms. | Location & District | Major Mammai Species (Along with other importan taxa) |
|---|---|---|---|---|---|
| ૧. | ગિર અભયારણ્ય | ૧૯૭૫ | ૧૧૫૩.૪૨ | સાસણ ગિર, જી. જુનાગઢ, અમરેલી | ગિર નેશનલ પાર્ક મુજબ |
| ૨. | ઘુડખર અભયારણ્ય | ૧૯૭૩ | ૪૯૫૩.૭૦ | કચ્છનું નાનું રણ જી. કચ્છ, રાજકોટ, પાટણ, સુરેન્દ્રનગર, બનાસકાંઠા | ઘુડખર, છિંકારા, નીલ ગાય હેણોતરો, જંગલી બિલાડી, રણ બિલાડી, વરૂ, ઝરખ |
| ૩. | નળસરોવર પક્ષી અભયારણ્ય | ૧૯૬૯ | ૧૨૦.૮૨ | નળ સરોવર, જી. અમદાવાદ અને સુરેન્દ્રનગર | ઘુડખરસ જંગલી બિલાડી, પાણીના પક્ષીઓ |
| ૪. | જેસોર રીંછ અભયારણ્ય | ૧૯૭૮ | ૧૮૦.૬૬ | એસોર હીલ, જી. બનાસકાંઠા | રીંછ, જંગલી બિલાડી, દીપડો શિયાળ, વરૂ, ઝરખ, હેણોતરો |
| ૫. | બરડા અભ્યારણ્ય | ૧૯૭૯ | ૧૯૨.૩૧ | પોરબંદર પાસે, જી. પોરબંદર | દીપડો, જંગલી બિલાડી, ઝરખ નીલગાય, ચિત્તલ, જંગલી ભૂંડ |
| ૬. | હિંગોલગઢ પ્રકૃતિ શિક્ષણ અભયારણ્યો | ૧૯૮૦ | ૬.૫૪ | હિંગોલગઢ, જી. રાજકોટ | છિંકારા, કીડીખાઉ, ઘોરખોદિયું નીલગાય, શિયાળ, વરૂ, ઝરખ જંગલી ભૂંડ, લોંકડી |
| ૭. | દરિયાઈ અભયારણ્ય | ૧૯૮૨ | ૨૯૫.૦૩ | કચ્છનો અખાત, જી. જામનગર | મરીન નેશનલ પાર્ક મુજબ |
| ૮. | નારાયણ સરોવર અભયારણ્ય | ૧૯૯૫ | ૪૪૪.૨૩ | નારાયણ સરોવર જી. કચ્છ | છિંકારા, જંગલી બિલાડી, ઝરખ હેણોતરો, રણ બિલાડી, સસલું, રણ લોંકડી શિયાળ, લોંકડી |
| ૯. | ખિજડિયા પક્ષી અભયારણ્ય | ૧૯૮૧ | ૬.૦૫ | ખિજડિયા જી. જામનગર | સસલું, શિયાળ, લોંકડી અને બીજા નાના સસ્તન પ્રાણીઓ |
| ૧૦. | રતનમહલ અભયારણ્ય | ૧૯૮૨ | ૫૫.૬૫ | રતનમહલ જી. દાહોદ | રીંછ, દીપડો, ઉડતી ખિસકોલી, વીજ ઝરખ, શિયાળ, ચૌશિંગા, જંગલી બિલાડી તાડ બિલાડી, કાટવર્ણી ટપકાવાળી બિલાડી |
| ૧૧. | કચ્છ રણ અભયારણ્ય | ૧૯૮૬ | ૭૫૦૬.૨૨ | કચ્છનું રણ જી. કચ્છ | છિંકારા, ઝરખ, લોંકડી, ઘુડખર, શિયાળ, રણ લોંકડી, સસલું, હેણોતરો, વરૂ, નીલગાય, રણ બિલાડી, |
| ૧૨. | ગાગા અભયારણ્ય | ૧૯૮૮ | ૩.૩૩ | ગાગા, જી. જામનગર | ઝરખ, વરૂ, શિયાળ, લોંકડી |
| ૧૩. | રામપરા અભયારણ્ય | ૧૯૮૮ | ૧૫.૦૧ | રામપરા જી. રાજકોટ | નીલગાય, જંગલી બિલાડી, વરૂ, ઝરખ છિંકારા, જંગલી ભૂંડ, લોંકડી, નાનું વણીયર |
| ૧૪. | થોળ પક્ષી અભયારણ્ય | ૧૯૮૮ | ૬.૯૯ | થોળ જી. મહેસાણા | પાણીના પક્ષીઓ અન નાના સસ્તન પ્રાણીઓ |
| ૧૫. | સૂરપાણેશ્વર અભયારણ્ય | ૧૯૮૨ | ૬૦૭.૭૦ | જી. નર્મદા | રીંછ, દીપડો, ઝરખ, માંકડુ, ચૌશિંગા, ભેખર કાટવર્ણી ટપકાવાળી બિલાડી, |

## Sanctuaries of Gujarat / ગુજરાતના અભયારણ્યો

| S.R. No. | Name of Santuary | Year of Estt. | Area in Sq. Kms. | Location & District | Major Mammai Species (Along with other importan taxa) |
|---|---|---|---|---|---|
| ૧૬. | પોરબંદર પક્ષી અભયારણ્ય | ૧૯૮૮ | ૦.૦૯ | પોરબંદર જી. પોરબંદર | પાણીના પક્ષીઓ અને નાના સસ્તન પ્રાણીઓ |
| ૧૭. | પાણીયા અભયારણ્ય | ૧૯૮૯ | ૩૯.૬૪ | જી. અમરેલી | સિંહ, છિંકારા, દીપડો, ચિત્તલ, જંગલી બિલાડી, નીલગાય, લોંકડી, ઝરખ |
| ૧૮. | બલરામ-અંબાજી અભયારણ્ય | ૧૯૮૯ | ૫૪૪.૭૮ | જી. બનાસકાંઠા | રીંછ, દીપડો, જંગલી બિલાડી નીલગાય, ઝરખ, વરૂ, શિયાળ, લોંકડી, સસલું |
| ૧૯. | જાંબુઘોડા અભયારણ્ય | ૧૯૯૦ | ૧૩૦.૩૮ | જાંબુઘોડા જી. પંચમહાલ | રીંછ, દીપડો, ઝરખ, ભેખર, નીલગાય વરૂ, કાટવર્ણી, ટપકાંવાળી બિલાડી |
| ૨૦. | મિતિયાલા અભયારણ્ય | ૨૦૦૪ | ૧૮.૨૨ | મિતિયાલ જી. અમરેલી | સિંહ, દીપડો, જંગલી બિલાડી, નીલગાય, ચિત્તલ, સાબર, ઝરખ, છિંકારા |
| ૨૧. | કચ્છ ઘેરાડ અભયારણ્ય | ૧૯૯૨ | ૨.૦૩ | નલિયા પાસે જી. કચ્છ | લોંકડી, જંગલી બિલાડી, છિંકારા રણ બિલાડી, શિયાળ, ઘોરાડ |
| ૨૨. | પૂર્ણા અભયારણ્ય | ૧૯૯૦ | ૧૬૦.૮૪ | જી. ડાંગ | દીપડો, ભેખર, ઝરખ, ચૌશિંગા જંગલી બિલાડી, ઉડતી ખીસકોલી કાટવર્ણી ટપકાંવાળી બિલાડી |
| ૨૩. | ગીરનાર વનજીવન અભયારણ્ય | ૨૦૦૮ | ૧૭૮.૮૭ | જી. જુનાગઢ | સિંહ, દીપડા, સાંભર, ચિત્તલ |
| ૨૪. | છારીઢંઢ કન્ઝર્વેશન રીઝર્વ | ૨૦૦૮ | ૨૨૭.૦૦ | જી. કચ્છ | જળચર પક્ષી |
| | | કુલ | ૧૬૮૪૯.૫૧ | | |

## National Parks of Gujarat / ગુજરાતના રાષ્ટ્રિય ઉધ્યાનો

| S.R. No. | Name of National Park | Year of Estt. | Area in Sq. Kms. | Location & District | Major Mammai Species (Along with other importan taxa) |
|---|---|---|---|---|---|
| ૧. | ગિર રાષ્ટ્રિય ઉદ્યાન | ૧૯૭૫ | ૨૫૮.૭૧ | સાસણ ગિર, જી. જુનાગઢ | સિંહ, દીપડો, જંગલી બિલાડી, ઘોરખોદિયું, ચિત્તલ, ઝરખ, કીડીખાઉ, ચૌશિંગા, નીલગાય, સાબર, છિંકારા કાટવર્ણી ટપકાંવાળી બિલાડી |
| ૨. | કાળિયાર રાષ્ટ્રિય ઉધાન | ૧૯૭૬ | ૩૪.૫૩ | વેળાવદર, જી. ભાવનગર | કાળિયાર, વરૂ, ઝરખ, નીલગાય જંગલી ભૂંડ, શિયાળ, જંગલી બિલાડી |
| ૩. | વાંસદા રાષ્ટ્રિય ઉદ્યાન | ૧૯૭૯ | ૨૩.૯૯ | વાંસદા, જી. નવસારી | દીપડો, ઝરખ, જંગલી બિલાડી, ચિત્તલ, ચૌશિંગા કાટવર્ણી ટપકાંવાળી બિલાડી, ઉડતી ખીસકોલી, ભેખર |
| ૪. | દરિયાઈ રાષ્ટ્રિય ઉધાન | ૧૯૮૨ | ૧૬૨.૮૯ | કચ્છનો અખાત જી. જામનગર | ડોલ્ફિન, ડુગોંગ, શિયાળ, પોરપોઈઝ, પરવાળાં |
| | | કુલ | ૪૮૦.૧૨ | | |

# ગંગુબાઈ કાઠિયાવાડી - ચલચિત્ર સ્યુંગમ

- નિલેશ નવીનચંદ્ર દેસાઈ (તેલવાલા)

સંજય લીલા ભણસાલીની ફિલ્મ 'ગંગુબાઈ કાઠિયાવાડી' નું ટ્રેલર આવ્યું છે.

આ ફિલ્મ જેના પરથી બની છે એ ગંગુબાઈ કાઠિયાવાડી છે કોણ ? ચાલો જાણીએ

સંજય લીલા ભણસાલીનું પદ્માવતી પછી બીજી એક ફિલ્મ આવી રહી છે જેનું નામ છે ગંગુબાઈ કાઠિયાવાડી. આ ફિલ્મ અને તેના પાત્ર વિશે ઘણી ચર્ચાઓ થઈ રહી છે. ઉલ્લેખનીય વાત એ છે કે હંમેશા ક્યુટ રોલ કરનારી અને નાનકડી લાગતી આલિયા ભટ્ટ આ ફિલ્મમાં લીડ રોલ કરી રહી છે. એટલે કે ફિલ્મમાં ગંગુબાઈનું પાત્ર આલિયા ભટ્ટ ભજવી રહી છે. આથી જ આ ફિલ્મમાં આલિયાના રોલને લઈને ખૂબ ચર્ચા થઈ રહી છે. હવે તેનું પહેલું ટીજર પણ બહાર આવ્યું છે. કેટલાક વ્યુઅર્સનો આલિયાનો આ નવો અવતાર ગમી રહ્યો છે, તો કેટલાંકને તે પસંદ નથી આવ્યો. આવું કેમ ? કેમ કે જેના જીવન પરથી આ ફિલ્મ બની છે તે ગંગુબાઈ કાઠિયાવાડી લેડી ડોન હતી પણ કેટલાંક દર્શકોને આલિયામાં આ ગંગુબાઈ કાઠિયાવાડીની ડોન જેવી છબી દેખાતી નથી. તેઓ હજુ આલિયાને ક્યુટ રોલમાં જ જોવા માંગે છે. આ તો વાત થઈ આ ફિલ્મ અને આલિયા વિશે પણ આ ફિલ્મ જેવા પરથી બની છે એ ગંગુબાઈ કાઠિયાવાડી છે કોણ ? આવો જાણીયે.



સંજય લીલા ભણસાલીના ફિલ્મમાં ગુજરાતીપણું ન હોય એ તો કેવી રીતે ચાલે. હવે તો ફિલ્મનું મુખ્ય પાત્ર જ ગુજરાતી છે. નામ છે ગંગુબાઈ કાઠિયાવાડી, એવું કહેવાય છે કે ગંગુબાઈ ગુજરાતના કાઠિયાવાડ વિસ્તારના વતની હતા. તેમનું આખું નામ ગંગા હરજીવનદાસ કાઠિયાવાડી હતું. એવું કહેવાય છે કે તેમને ૧૬ વર્ષની ઉંમરે પ્રેમ થયો હતો અને એ પણ એમના પિતાના એકાઉન્ટન્ટ સાથે. આ ઉંમરે તેઓ તેની સાથે ભાગીને મુંબઈ આવી ગયા. ગંગુબાઈને નાનપણથી જ ફિલ્મનો ખૂબ શોખ હતો. આશા પારેખ અને હેમા માલિની તેમની ગમતી હીરોઈન હતી. પણ આ બધાની વચ્ચે તેમના જીવનમાં મુશ્કેલઓનો પહાડ ત્યારે તૂટી પડ્યો જ્યારે તેમના પ્રેમીએ તેમને દગો આપ્યો. મુંબઈના કમાઠીપુરા નામના રેડલાઈટ એરીયામાં તેણે માત્ર ૫૦૦ રૂપિયામાં ગંગાબાઈને વેચી માર્યા અને ત્યાંથી ભાગી ગયો. બાસ અહીંથી જ ગંગાબાઈનો જે જીવન જીવવાનો સંઘર્ષ શરૂ થાય છે કદાચ તેની જ આ કહાની ફિલ્મમાં વર્ણાવવામાં આવી હશે.

ગંગુબાઈ કાઠિયાવાડીનું જીવન અનેક સંઘર્ષથી ઘેરાયેલું રહ્યું છે. એટલે કે ગંગુબાઈનું જીવન ફિલ્મની વાર્તા કરતાં ઓછું રહ્યું નથી. ગંગુબાઈ કાઠિયાવાડીના જીવન પર લેખક હુસૈન જૈદી એ 'ધ માફિયા ક્વીન ઓફ મુંબઈ' (Mafia Queens of Mumbai) નામનું પુસ્તક લખ્યું છે. આ પુસ્તક પરથી આ ફિલ્મ બનાવવામાં આવ્યું છે. જેનું ટીજર રીલિસ થયું છે. આ વાંચતા હશો ત્યારે આ ફિલ્મ થીયેટરમાં રજુ થઈ ગઈ હશે. પણ ત્યાં સુધીમાં આ ટીજર જોઈને લોકો જબ્બર કોમેન્ટ કરી રહ્યા છે.

## શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ - અનુકરણીય દાન

**સખાવતી દાતાશ્રી તરફથી પ્રાપ્ત થયેલ દાનની નામાવલી**

| ક્ર. | નામ | સંખ્યા |
|---|---|---|
| ૧ | સ્વ. શ્રીમતી ઉર્મિલાબેન વિનુભાઈ મહેતાની સ્મૃતિમાં<br>હસ્તે પરેશ વિનુભાઈ મહેતા તથા તેમના સમસ્ત પરિવાર તરફથી | ૨,૫૦,૦૦૦/- |

સંસ્થાની કારોબારી સમિતિના સૌ સભ્યો દાતા પરિવારનો આભાર વ્યક્ત કરે છે અને તેમના સુખ, શાંતિ અને ઉત્કર્ષ માટે પ્રભુને પ્રાર્થના કરે છે.

**કારોબારી સમિતિ વતિ - મંજુલ ધારીઆ / અનિશ ગાંધી / સમીર શાહ - માનદ્ મંત્રીઓ**

## શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ - મેડીકલ સેન્ટર

સર્વે વાડાસિનોરવાસીઓ

જત જણાવવાનું કે શ્રી બાલાસિનોર પ્રગતી સમાજ સંચાલીત મેડીકલ સેંટર ખાતે સંપર્ક હેતુ નવો ફોન તથા વૉટસઅપ નંબર આપણા સૌની સુવિધા ખાતર રાખવામાં આવેલ છે. સૌને વિનંતી કે આપની જરૂરિયાત મુજબ આપ નિચે જણાવેલ નંબરોનો ઉપયોગ કરી શકશો.

**લેન્ડલાઈન નંબર - ૦૨૨-૨૩૬૭૦૧૬૯ - મોબાઈલ તથા વૉટસઅપ નંબર : + ૯૧ ૯૮૬૭૯૯૧૮૪૩**

**કારોબારી સમિતિ વતિ - મંજુલ ધારીઆ / અનિશ ગાંધી / સમીર શાહ - માનદ્ મંત્રીઓ**

## શ્રી વાડાસિનોર ગોકુલેશ સમાજ - અનુકરણીય દાન

**સખાવતી દાતાશ્રી તરફથી પ્રાપ્ત થયેલ દાનની નામાવલી**

| ક્ર. | નામ | સંખ્યા |
|---|---|---|
| ૧ . | શ્રીમતી નિશિતા જયેશભાઈ શાહ (નગરશેઠ) | ૫,૦૦,૦૦૦/- |

સંસ્થાની કારોબારી સમિતિના સૌ સભ્યો દાતા પરિવારનો આભાર વ્યક્ત કરે છે અને તેમના સુખ, શાંતિ અને ઉત્કર્ષ માટે પ્રભુને પ્રાર્થના કરે છે.

**કારોબારી સમિતિ વતિ - જસ્મીન શેઠ / ભુપેન્દ્ર કડકીઆ / કિર્તી કડકીઆ - માનદ્ મંત્રીઓ**

## શ્રી વાડાસિનોર દશાનિમા વિદ્યોત્તેજક મંડળ તથા બાલાસિનોર વિદ્યોત્તેજક ચેરિટેબલ ટ્રસ્ટ સુધારો

**જત જણાવવાનું કે ફેબ્રુઆરી માસમાં આપેલ અનુકરણીય દાનની સુચીમાં અનુક્રમાંક ૨ માં સ્વ. પરીન્દ્રા રસિકલાલ પરીખ હસ્તે રસિકલાલ ચંદુલાલ પરીખ ૧,૦૦,૦૦૦/- શરતચુકથી લખાયેલ છે.**

**તે નામને સુધારો કરી સ્વ. પરીન્દ્રા રસિકલાલ કડકીઆ (મરઘા) હસ્તે રસિકલાલ ચંદુલાલ કડકીઆ (મરઘા) ૧,૦૦,૦૦૦/- વાંચવા સર્વેને વિનંતી.**

કારોબારી સમિતિ વતિ - જસ્મિન શેઠ તથા ધર્મેશ શાહ - માનદ્ મંત્રીઓ

# કે.એમ.જી. જનરલ હોસ્પિટલ ટ્રસ્ટ, બાલાસિનોર

**બાલાસિનોરની કે.એમ.જી. જનરલ હોસ્પિટલ (કુણીવાલા કેમ્પસમાં) માં**
**માહે જાન્યુઆરી ૨૦૨૨ના માસ દરમ્યાન નીચે મુજબના દર્દીઓએ લાભ લીધેલ છે.**

મેડીકલ, ગાયનેક, સર્જીકલ, આંખ, માનસિક, સોનોગ્રાફી, મોબાઈલ, ફીજીયોથેરાપી તેમજ ઈમરજન્સીમાં કુલ ૪૯૨૩ દર્દીઓએ, એક્ષ રે વિભાગમાં ૨૩૯ દર્દીઓએ તથા પેથોલોજી વિભાગમાં કુલ ૩૨૮૧ દર્દીઓએ લાભ લીધેલ છે. સર્જનના મેજર ઓપરેશન ૧૨ અને માઈનોર ૧૦, ગાયનેકના મેજર ઓપરેશન ૧૩૫ પૈકી કુટુંબ કલ્યાણના ૧૦૪ માઈનોર ૦૨ તથા ઈએનટી માઈનોર ૧૨ તેમજ આંખના મેજર ૨૧૦ ઓપરેશનો કરવામાં આવેલ છે. તેમજ દવાની રૂા. ૭૬૦૮૩૦/- ની માફી તેમજ ઈન્ડોરમાં રૂા. ૩૩૫૩૦૫/- ની માફી તેમજ ઓપીડીમાં (લેબ, એક્સરે, ઓક્સીજન વિગેરે) માં રૂા. ૧૦૨૬૪૨/- ની માફી મળીને કુલ ૧૧૯૮૭૭૭/- ની માફી કરવામાં આવેલ છે.

**હોસ્પિટલમાં નીચે મુજબના કેમ્પ યોજવામાં આવેલ.**

૧. **કુસુમબેન કીર્તનલાલ પારેખ છારીનો કેમ્પ :** હોસ્પિટલમાં તા. ૨૮-૧-૨૦૨૨ના રોજ છારીનો કેમ્પ યોજવામાં આવેલ જેમાં ૩૫ દર્દીઓની આંખમાંથી રાહત દરે છારી કાઢવામાં આવેલ.

૨. **મણીબેન મોહનલાલ શાહ (વસનજી) તથા રમતીબેન રમણલાલ કડકીઆ (ટોકરસી) ઈકો કેમ્પ :** તા. ૬-૧-૨૦૨૨ના રોજ ૪૨ તથા તા. ૨૦-૧-૨૦૨૨ના રોજ ૨૯ દર્દીઓના ઈકો રાહત દરે કરવામાં આવેલ.

કમળાબેન શાંતિલાલ પરીખ (કુવાવાળા) સુપર સ્પેશ્યાલીટી સેન્ટરમાં માહે જાન્યુઆરી ૨૦૨૨ ના માસ દરમ્યાન ફીજીશીયન, ઈએનટી, ઓર્થો, સ્કીન, ડેન્ટલ, ઈમરજન્સી, નેફ્રોલોજી તેમજ ગેસ્ટ્રોલોજીના મળી કુલ ૧૬૦૭ દર્દીઓએ તથા એક્ષરે વિભાગમાં ૫૦૦ દર્દીઓએ તેમજ પેથોલોજી વિભાગમાં ૮૨૯ દર્દીઓએ લાભ લીધેલ છે. તેમજ લેબમાં

|| Jay Jay Shree Gokulesh ||

**Kinjal Parikh**
8104682589
9820815584

**Chintak Parikh**
9324310473
9819286125



**ESTATE AGENT**

*Flat/Shop/Office/Gala/Shed*

**BUY - SELL - RENT**

**Other Services**

- Housing Loan
- Loan Against Property
- Mou
- Agreement
- Registration
- Notary

Maha Rera No : A51900019245

YOUR DREAM'S OUR GOAL

**શાસ્ત્રી ગોપાલભાઈ ભટ્ટ (ગોર)**

**SANKALP ASTROLOGIST CONSULTANT**
**JYOTIRVID (MUMBAI)**

**જ્યોતિષ વિશારદ, કર્મકાંડ વિશારદ**
**(મૂડેતી - અમદાવાદ)**

જ્યોતિષ, મેળાપક, ગ્રહોના જપ, મંડપ મહુર્ત,
ગ્રહશાંતિ, લગ્ન વિધિ, વાસ્તુ શાંતિ, નક્ષત્ર શાંતિ,
શ્રીમંત સંસ્કાર, નવચંડી યજ્ઞ, પિતૃદોષ શાંતિ,
નારાયણ બલી, ડાઉઝિંગ ટેલી થેરેપી દ્વારા
વિવિધ જ્યોતિષ ને લગતા પ્રશ્નોનું યોગ્ય માર્ગદર્શન,
વેદોક્ત પુરાણોક્ત,
શાસ્ત્રોક્ત પુષ્ટિમાર્ગ વિધિ વિધાનથી પૂજન
સંતોષપૂર્વક કાર્ય કરનાર
૬, શાસ્ત્રીભુવન, બ્લોક નં.૧૩/૧૬ ૧ માળે, જબ્રેશ્વર ગલ્લી,
બાણગંગા ક્રોસ રોડ, વાલકેશ્વર, મુંબઈ - ૪૦૦ ૦૦૬
**મોબાઈલ : ૯૮૨૦૫ ૨૮૦૨૨**
Email : bhattgopal59@gmail.com

રૂા. ૨૦૭૦/- ની માફી તથા રૂા. ૨૯૧૭૫/- ની દવા માફી તેમજ એક્ષ રે રૂા. ૫૦૦/- તથા એક્ષ રે રીપોર્ટીંગમાં રૂા. ૫૦/- ની માફી તથા ઈન્ડોરમાં ૨૪૯૦૦/- ની મળીને કુલ રૂા. ૫૬૬૯૫/- ની માફી તથા ડાયાલીસીસમાં રૂા. ૪૦૦૦/- ની માફી કરવામાં આવેલ છે.

વિશ્વ કેન્સર દિવસની ઉજવણી : લીયો કલબ, બાલાસિનોર તથા શ્રીમતી સુભદ્રાબેન નવીનચંદ્ર શાહ નર્સીંગ કોલેજ, બાલાસિનોરના સંયુક્ત ઉપક્રમે આપણી હોસ્પિટલમાં વિશ્વ કેન્સર ડે ઉજવવામાં આવેલ. જેમાં લીયો કલબના પ્રમુખ તથા નર્સીંગ કોલેજના પ્રિન્સીપાલ તથા આપણી હોસ્પિટલના ટ્રસ્ટીશ્રીઓ હાજર રહેલ.

કે.એમ.જી. જનરલ હોસ્પિટલ ટ્રસ્ટમાં વધુ નોંધાલેય દાન :

| | | |
|---|---|---|
| ૧. | શ્રીમતી શરીફાબેન અબ્દુલરસીદ શેખ (પોચાવાલા)<br>હ. શ્રી મહંમદરઉફ અબ્દુલ રસીદ ઘાંચી | રૂા. ૨,૫૧,૦૦૦/- |
| ૨. | સ્વ. ગોરધનભાઈ રામાભાઈ પટેલની સ્મૃતિમાં<br>હસ્તે શ્રીમતી સવિતાબેન ગોરધનભાઈ પટેલ (ગામ કુણી) | રૂા. ૧,૦૦,૦૦૦/- |
| ૩. | શ્રી ગૌરાંગભાઈ નટવરલાલ પરીખ (વોરા) | રૂા. ૧,૦૦,૦૦૦/- |
| ૪. | શ્રીમતી ઉષાબેન ચંદ્રવદન શાહ | રૂા. ૫૧,૦૦૦/- |
| ૫. | શ્રીમતી કોકીલાબેન વસંતભાઈ પરીખ (કુવાવાળા) | રૂા. ૧૧,૦૦૦/- |
| ૬. | શ્રીમતી દેવયાની કમલેશ ત્રિવેદી | રૂા. ૧૧,૦૦૦/- |

કે.એમ.જી. જનરલ હોસ્પિટલ ટ્રસ્ટને એ.એન.એમ. નર્સીંગ કોર્ષ તથા બી.એસ.સી. નર્સીંગ કોલેજની ગુજરાત નર્સીંગ કાઉન્સીલ તરફથી મળેલ માન્યતા મુજબ આ બેઉ કોર્ષ માહે જાન્યુઆરી-૨૦૨૧ થી ચાલુ થઈ ગયેલ છે.

**શ્રીમતી સુભદ્રાબેન નવિનચંદ્ર શાહ નર્સિંગ કોલેજ માટે**
**નીચે મુજબની લેબોરેટરીના નામકરણ માટે દાતાશ્રીઓને અપીલ કરવામાં આવેલ છે.**

| | | |
|---|---|---|
| ૧. | પ્રી-ક્લીનીકલ સાયન્સ લેબ (એનાટોમી તથા ફીજીયોલોજી) | રૂા. ૧૫ લાખ |
| ૨. | ઓડીઓ વીસ્યુઅલ એઈડ લેબ. | રૂા. ૦૫ લાખ |
| ૩. | એડવાન્સ સ્કીલ નર્સીંગ લેબ. | રૂા. ૧૫ લાખ |
| ૪. | નર્સીંગ ફાઉન્ડેશન લેબ. | રૂા. ૧૦ લાખ |
| ૫. | એમસીએચ એન્ડ પીડીયાટ્રીક લેબ. | રૂા. ૧૦ લાખ |
| ૬. | કોમ્પ્યુટર લેબ. | રૂા. ૧૦ લાખ |

**ડીમ્પલ રૂપેશ પરીખ દર્દી આર્થિક રાહત મિતી યોજનામાં રૂા. ૧૧,૦૦૦/- નો ફાળો નોંધાવી**
**ગરીબ દર્દીઓને રાહત દરેક દવાઓ આપવા સહભાગી થવા દાતાશ્રીઓને વિનંતી.**
**કે.એમ.જી જનરલ હોસ્પિટલ ટ્રસ્ટમાં રૂા. ૫૦૦૦/- ભરી આજીવન સભ્ય થવા માટે વિનંતી.**

**શ્રી નિતીન પરીખ / શ્રી પરેશ પરીખ - માનદ્ મંત્રીશ્રીઓ**

## પ્રકીર્ણ વિભાગ

## નવા સરનામા

- **નિલેશ નટવરલાલ મોદી (પેપરવાલા)**
  આસ્ટેરીયા હાઈટ્સ, ૯૦૩, ૯મે માળે,
  સયાની રોડ, પ્રભાદેવી, મુંબઈ - ૪૦૦૦૨૫
  **નિલેશ નટવરલાલ મોદી - ૯૮૨૦૨૦૭૮૧૯**
  **અલકા નિલેશ મોદી - ૯૮૬૯૬૪૨૧૬૦**
  **રીકીત નિલેશ મોદી - ૯૮૨૦૭૮૨૮૦૪**
  **પાયલ રીકીત મોદી - ૯૮૨૦૧૦૨૭૬૫**

## તેજસ્વી તારલા

એસ.વાય.બી.કોમ.ના વિદ્યાર્થી **યજુર્વ હેમલ ધારીઆ**એ Inter CA Exam ના બંને ગ્રુપના ૬૭ % માર્કસ પ્રાપ્ત કરી ઉત્તીર્ણ થયા છે. સંસ્થાવતી ખૂબ ખૂબ અભિનંદન.

## મૃત્યુ નોંધ

| | વર્ષ |
|---|---|
| સાવિત્રીબેન પ્રવીણચંદ્ર ધારીયા (લાલખા) | ૮૮ |
| સ્મિતાબેન દિનેશ દેસાઈ | ૬૪ |
| સુશીલાબેન રસીકલાલ શાહ (મલમ) | ૯૦ |

**પ્રભુ સદ્ગતના આત્માને શાંતિ અર્પે એવી પ્રાર્થના.**


Authorised Distributors
POLYCAB
WIRES & CABLES
FR/FR-LSH-PVC INSULATED INDUSTRIAL MULTI STRAND CABLES
PVC INSULATED INDUSTRIAL FLEXIBLE SINGLE / MULTI CORE CABLES
3 CORE FLAT SUBMERSIBLE CABLES / SERVICE WIRES
HT / LT POWER AND CONTROL CABLES
RAILWAY SIGNALLING / QUAD CABLES
COAXIAL / TELEPHONE / LAN CABLES
WELDING / BRAIDED CABLES
JELLY FILLED TELEPHONE CABLES
INSTRUMENTATION CABLES
SPEAKER / CCTV CABLES
RUBBER CABLES
FIRE SURVIVAL CABLES
LIGHTING & LUMINARIES
SWITCHES & SWITCHGEARS
UPVC CONDUITS & FITTINGS
CABLE GLANDS & LUGS
FANS & APPLIANCES
AMRISH KACHARIA +91 9769025153
PRABHAT WIRES LLP
1st Floor, Govind Niwas, 99/101, Lohar Chawl, Mumbai - 400 002.
Tel.: +91 22 4972 4848 (10 Lines) • Talk Free : *7444 / *7619
Email : sales@prabhatwires.in | Website : www.prabhatwires.in

WPP License No. MR/TECH/WPP-147/South/2021-23
Regd.No.MCS / 050 / 2021-23
Posted at Mumbai Patrika Channel Sorting Office,
Mumbai - 400 001 on 20th & 21st of every month

Celebrating 45 Years

ANUKOOL selections®

BACK TO SCHOOL VIA ANUKOOL

SCHOOL UNIFORMS & ACCESSORIES
FOR ALL LEADING SCHOOLS

NAVIN PAREKH RASESH PAREKH

542, Sandhurst Bridge, Chowpatty,Mumbai - 400 007.Contact: ☎ 2361 2848 - 2369 4166, 9930635579
E: anukoolselections@gmail.com, W: www.anukoolselections.com

IES®

Celebrating 25th Year

INTEGRATED ENTERTAINMENT SOLUTIONS®

Your Indian Distribution Partner

Intelligent Pro-Lighting, Pro-Sound & AV Distribution

ROBE® AVOLITES MADRIX LIGHTING CONTROL HK AUDIO

ANOLIS Lucenti ASHLY lumenradio Luminex CAPTURE PENTON Pani DJPOWER

Concept • Design • Installation • Supply • Training • Maintenance

E: iesolns@gmail.com W:www.iesolns.com. Rasesh Parekh: 9821125579

Printed, Published & Edited by Bankim Rajnikant Parikh on behalf of Shree Balasinor Navyuvak Sangh
& Printed at Lohana Hitechhu, 6/B, Mohatta Bhavan, 3rd Floor, E. Moses Road, Worli
Mumbai - 400018 & Published at 118/120, Ardeshar Dadi Street, 2nd Floor, V.P.Road, Mumbai - 400004.